**ગુજરાતના સ્થાપના દિન "ગુજરાત ગૌરવ દિન-૨૦૧૮"ના અવસરે પ્રજાજનોને શુભકામનાઓ પાઠવતા રાજયપાલશ્રી,**

રાજભવન, ગાંધીનગર. તા. ૩૦/૦૪/૨૦૧૮

ગુજરાતના સ્થાપના દિન-"ગુજરાત ગૌરવ દિન-૨૦૧૮"ના અવસરે રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ રાજ્યના તમામ પ્રજાજનોને શુભકામનાઓ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શુભકામના સંદેશમાં જણાવ્યું છે કે ગુજરાત પ્રગતિના નવા સોપાનો સર કરી ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પ **"ન્યુ ઇન્ડિયા વિઝન-૨૦૨૨"** પૂર્ણ કરવામાં પોતાની અગ્રિમ ભૂમિકા નિભાવવા પ્રતિબદ્ધ છે.

ગુજરાતની અનન્ય વિકાસગાથાએ દેશ અને દુનિયામાં ઓળખ સ્થાપિત કરી છે, જે આપણા સૌનું ગૌરવ છે, એમ જણાવી રાજયપાલશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ગુજરાતની પ્રજાના બહુમૂલ્ય યોગદાન દ્વારા રાજ્યની વણથંભી વિકાસ કૂચ નવા-નવા આયામો સિદ્ધ કરશે.

--------------------------